# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છટ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/11 Dt. 18/06/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ચેમ્બરના પ્રમુખ અશોક જીરાવાલાનું સન્માન

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના 164મા 'Thursday's Thoughts' કાર્યક્રમમાં ઉપસ્થિત ચેમ્બરના માનદ્ ખજાનચી અતુલ પટેલ અને ગુજરાતી ફિલ્મ 'ભમરડો'ની સ્ટાર-ક્રુ કાસ્ટનું પણ સન્માન

### દેખાડાવાળું જીવનધોરણ મધ્યમ વર્ગને દેવા તરફ ધકેલે છે, જો ધ્યાન નહીં રાખવામાં આવે તો ગરીબી રેખા નીચે જવાનો વારો આવશે: કાનજી ભાલાળા

સુરત: શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરતની 'University of Thoughts' અંતર્ગત સમાજમાં હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસનો પ્રસાર કરવા દર ગુરુવારે યોજાતા ક્રાંતિકારી કાર્યક્રમ 'Thursday's Thoughts' ની 164મી કડી આજે વાલક પાટીયા સ્થિત જમનાબા વિદ્યાર્થી ભવનના 'કેશુભાઈ પટેલ ઓડિટોરિયમ' ખાતે ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. આ ગુરુવારની સવારે યોજાયેલા વિશેષ સત્રનો મુખ્ય વિષય "આર્થિક પરિસ્થિતિ: પડકારો અને ઉકેલ" રાખવામાં આવ્યો હતો, જેમાં અગ્રણી અર્થશાસ્ત્રીઓ અને સમાજના અગ્રણીઓએ સામાન્ય માણસના આર્થિક મેનેજમેન્ટ અંગે ગહન મંથન કર્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહેલા એસજીસીસીઆઈના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ અને ટૂંક સમયમાં રિલીઝ થનારી ગુજરાતી ફિલ્મ 'ભમરડો'ની સમગ્ર ક્રૂ એન્ડ કાસ્ટ ટીમનું સન્માન કરાયું હતું.

સંસ્થાના પ્રમુખ શ્રી કાનજી ભાલાળાએ વર્તમાન સમયમાં મોંઘવારીના વમળ વચ્ચે મધ્યમ અને સામાન્ય વર્ગ સામે ઊભા થયેલા પડકારો અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આજે લોકોની આવક મોટેભાગે સ્થિર છે, પરંતુ તેની સામે ખર્ચાઓ સતત વધતા જાય છે. સૌથી મોટો પડકાર એ છે કે આજના સમયમાં લોકોનું

જીવનધોરણ વાસ્તવિકતા કરતાં 'દેખાડાવાળું' વધુ થઈ ગયું છે, જે અંતે માણસને મોટા દેવાના ચક્રવ્યૂહ તરફ દોરી જાય છે. જો મધ્યમ વર્ગ અત્યારથી સાવચેત થઈને પોતાના નાણાકીય વ્યવહારો પર ધ્યાન નહીં રાખે, તો તેણે ગરીબી રેખા નીચે આવી જવું પડશે." તેમણે ઉમેર્યું હતું કે દેશમાં થતા કુલ પુરુષ આપઘાતના કેસોમાંથી 50% આપઘાત આર્થિક મુશ્કેલીઓ અને દેવાના કારણે થાય છે. જો માણસ પોતાની સાચી 'જરૂરિયાત' અને બીજાની જોઈને થતી 'ઈર્ષ્યા' વચ્ચેનો ભેદ સમજી જાય, તો જ તે આવક કરતાં ખર્ચ ઓછો રાખીને સુખી જીવન જીવી શકે.

કાર્યક્રમના મુખ્ય વક્તા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) ના અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. ગૌરાંગ રામીએ સમજાવ્યું હતું કે મોંઘવારી અને મંદીના આ સમયમાં સુખરૂપ જીવવા માટે આર્થિક સમજણ અત્યંત જરૂરી છે. તેમણે સૂત્ર આપ્યું હતું કે, "ખર્ચ ઓછો કરવો તે પણ એક પ્રકારની આવક જ છે." બિનજરૂરી ખર્ચાઓ પર કાપ મૂકીને નાની બચતને યોગ્ય જગ્યાએ ઇન્વેસ્ટ કરવાથી ભવિષ્યની મોટી કટોકટીઓથી બચી શકાય છે.

આ પ્રસંગે દાતા ટ્રસ્ટી શ્રી હરેશ રામાણી (અમદાવાદ), ડૉ. દિલીપ વરસાણી, શ્રી સવજીભાઈ વેકરિયા, ડૉ. દોલત દેસાઈ અને ડૉ. સંદીપ ખેણી સહિતના મહાનુભાવોએ હાજરી આપી વિચારોના વાવેતરની આ પહેલને બિરદાવી હતી.